# ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,બ્લોક નં.૧૨ પહેલો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

## સ્પેશયલ એજ્યુકેટર વર્ગ-૩ ભરતી વર્ષ – ૨૦૨૪

## ધો. ૧ થી ૫ અને ૬ થી ૮ (ગુજરાતી માધ્યમ) ભરતી કામચલાઉ મેરીટયાદી

જિલ્લા/નગર શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાઓમાં સ્પેશયલ એજ્યુકેટર વર્ગ-૩ ( ધો ૧ થી ૫ / ૬થી ૮ – ગુજરાતી માધ્યમ ) ની મેરીટના ધોરણે ભરતી કરવા તા.૧૫/૦૨/૨૦૨૪ ના રોજ વર્તમાનપત્રોમાં જાહેરાત ક્રમાંક (૧) અને (૨) થી જાહેરાત આપીને ઉમેદવારો પાસેથી ઓન-લાઈન અરજીઓ મંગાવવામાં આવેલ હતી. આ ભરતી સંદર્ભે ઉમેદવારોની કામચલાઉ મેરીટયાદી http://vsb.dpegujarat.in વેબ સાઇટ ઉપર તા.૧૧/૦૭/૨૦૨૪ ના રોજ બપોરે ૧૨.૩૦ કલાકે પ્રસિધ્ધ કરવામાં આવનાર છે. ઉમેદવાર log in કરી મેરીટની લીંક પર ક્લીક કરવાથી પોતાનો મેરીટક્રમ અને મેરીટ વેબ સાઇટ ઉપર જોઇ શકશે અને સુધારા પત્રક (વાંધા અરજી) લીંક પર જઇ ક્લીક કરવાથી ઉમેદવારના અરજીપત્રકની જરૂરી તમામ વિગત જોઈ શકાશે જો કોઇ ક્ષતિ હોય તો જરુરી આધાર સાથે જિલ્લાના સ્વીકાર કેન્દ્ર પર તા.૧૧/૧૨ જુલાઇ, કચેરી સમય દરમિયાન વાંધા અરજી આપવાની રહેશે. આ સંદર્ભે વધુ વિગતો માટે તથા ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી વેબસાઈટ જોતાં રહેવું.

**{1}** ઉમેદવારો તેઓના નામ, લાયકાત, કેટેગરી અને મેરીટ ગુણ વગેરેમાં જો કોઇ ક્ષતિ હોય તો ઉપરોક્ત વેબસાઇટ ઉપર તા.૧૧/૦૭/૨૦૨૪ થી તા.૧૨/૦૭/૨૦૨૪ દરમ્યાન તમામ ઉમેદવાર ઓન-લાઈન સુધારા પત્રક (વાંધા અરજી) ની પ્રિન્ટ મેળવી શકશે. આ સુધારા પત્રકમાં તમારી વિગત દર્શાવેલ છે તેમાં જો કોઇ સુધારો કરવાપાત્ર હોય તો જ સુધારા પત્રકમાં વિગત સુધારી જરૂરી આધારો સાથે વાંધા અરજી સ્વીકાર કેન્દ્ર પર તા.૧૧/૦૭/૨૦૨૪ થી તા.૧૨/૦૭/૨૦૨૪ (જાહેર રજા સિવાય) ના રોજ ૧૧.૦૦ થી ૧૮.૦૦ કલાક સુધી આપવાની રહેશે. સુધારા પત્રકમાં નવી વિગતો ઉમેરી શકાશે નહી.

**{2}** જે વિગતોનો સુધારો કરવાનો હોય તેના સમર્થનમાં જરૂરી આધાર પુરાવા જોડી સુધારા પત્રક (વાંધા અરજી) ઉમેદવાર પ્રથમ અરજીપત્રક સબમીટ કરાવેલ સ્વીકાર કેન્દ્ર ઉપર રૂબરૂ જઇને જમા કરાવી શકશે. સુધારામાં રજૂ કરેલ વિગતના અસલ પુરાવા (પ્રમાણપત્ર) સિવાય વાંધા અરજી કોઇ પણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહી તેની ખાસ નોંધ લેવી. વાંધા અરજી અન્વયે કરેલ સુધારા જાહેરાતના સંદર્ભમાં સુસંગત હશે તો જ ગ્રાહ્ય રાખી સુધારો કરવામાં આવશે.

**{3}** ફાઇનલ મેરીટયાદી અને મેરીટમાં આવતાં ઉમેદવારો માટે કોલ લેટર વિગેરે માટેની સુચનાઓ હવે પછી વેબ સાઇટ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવશે. તેથી ઉમેદવારોએ ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી નિયમિત **http://vsb.dpegujarat.in** વેબ સાઇટ જોતા રહેવું.

ડૉ. એમ.આઇ.જોષી
અધ્યક્ષ
ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ
અને પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુજરાત રાજ્ય ગાંધીનગર

તા.૧૦/૦૭/૨૦૨૪

સ્થળ: ગાંધીનગર